

હે દેવ ! આપ દયા કરીને મારા જન્મનો નાશ કરો, આ એક જ વાત મારે આપને કહેવાની છે. હું જન્મથી અતિશય બળેલો છું જેથી હું બહુ પ્રલાપ કરું છું.

—શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, કરુણાષ્ટક, ગાથા-૬

કહાન સં. ૨૪ સં. ૨૦૬૦ [૭૨૪] * આત્મધર્મ * [અંક-૮ વર્ષ-૬૦] વીર સં. ૨૫૩૦ ફેબ્રુઆરી-૨૦૦૪

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ પરસ્પર ઝઘડા ઉઠનેસે બહુત નષ્ટ હો ચુકે, બડે બડે ધનિક ભી નષ્ટ હો ગયે; દુષ્ટોંકે સાથ ઝઘડા કરના અચ્છા નહીં; યદિ દ્રવ્યકા ત્યાગ કરના પડે તો ઠીક હૈ. ૮૦૫. *(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૨૯૩)*

❀ શરીરકે મોહમેં રંજાયમાન હોનેવાલા કર્મ જિતના કુછ કહા ગયા હૈ વહ સબ શુદ્ધાત્મારૂપી કમલકે ભીતર રંજાયમાન હોનેસે વિલા જાતા હૈ. યહ આત્મરંજકભાવ સ્વયં વીતરાગ વિજ્ઞાનમેં રમણતા હૈ. ૮૦૬.

*(શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૧, પાનું-૧૪૮)*

❀ આગમનો જાણનાર હોવા છતાં પણ, સંયત હોવા છતાં પણ, તપમાં સ્થિત હોવાં છતાં પણ, જિનોક્ત અનંત પદાર્થોથી ભરેલા વિશ્વને–કે જે (વિશ્વ) પોતાના આત્મા વડે જ્ઞેયપણે પી જવાનું હોવાથી આત્મપ્રધાન છે તેને—જે જીવ શ્રદ્ધતો નથી તે શ્રમણાભાસ છે. ૮૦૭.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર–ટીકા, ગાથા-૨૬૪)*

❀ શરીરકે સંબંધકા યહ સ્વરૂપ હૈ જો ઘર, કુટુંબ, સર્વ સંબંધ આકર મિલ જાતે હૈં, શ્રી જિનવચનકે ગ્રહણમેં અંતરાય પડ જાતા હૈ, શરીરકે સ્વભાવમેં લય હોનેસે નરકકા બીજ બોયા જાતા હૈ, શરીરકે સંબંધસે ઐસા સ્વભાવ બન જાતા હૈ જિસસે પૌદ્ગલિક પર્યાયકો હી વ કર્મકે ઉદયકો હી આત્મા માન લેતા હૈ. ઈસ અજ્ઞાન ઔર મિથ્યાત્વકી અનુમોદના કરનેસે નરકકે દુઃખોકા બીજ બો દિયા જાતા હૈ. ૮૦૮.

*(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક–૧૪૧-૧૪૩)*

❀ હે દુર્બુદ્ધિ પ્રાણી ! જો અહીં તને કોઈ પણ પ્રકારે મનુષ્ય-જન્મ પ્રાપ્ત થઈ ગયો છે તો પછી પ્રસંગ પામીને પોતાનું કાર્ય (-આત્મહિત) કરી લે. નહિ તો જો તું મરીને કોઈ તિર્યંચ પર્યાય પામીશ તો પછી તને સમજાવવા માટે કોણ સમર્થ થશે ? અર્થાત્ કોઈ સમર્થ થઈ શકશે નહિ. ૮૦૯.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, ધર્મોપદેશામૃત, શ્લોક–૧૬૮)*

❀ હે શિવપુરીકે પથિક ! પ્રથમ ભાવકો જાન, ભાવરહિત લિંગસે તુજે ક્યા પ્રયોજન હૈ ? જિનભગવંતોને શિવપુરીકા પંથ પ્રયત્નસાધ્ય કહા હૈ. ૮૧૦. *(શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા–૬)*

કહાન
સંવત-૨૪
વર્ષ-૬૦
અંક-૮
[૭૨૪]




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૩૦
સં. ૨૦૬૦
FEB.
A.D. 2004

# પાણીને વલોવ્યે માખણ નહીં મળે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૧૧૯)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે, બીજા અધિકારની ૭૪ ગાથા ફરી લઈએ.

णाण–विहीणहँ मोक्ख-पउ जीव म कासु वि जोइ ।
बहुएँ सलिल-विरोलियइँ करुण चोप्पडउळ होइ ॥७४॥

અર્થ :—જે જીવ સમ્યગ્જ્ઞાનથી રહિત, મલિન ચિત્તવાળા છે તેનો મોક્ષ થતો નથી, જેમ પાણીને ઘણું મથવા છતાં તેમાંથી માખણ નીકળતું નથી–તેથી હાથ ચીકણો થતો નથી.

શું કહે છે ?–કે જેની રુચિમાં–અંતરદૃષ્ટિમાં પૂર્ણાનંદસ્વરૂપ આત્મા વસ્યો નથી અર્થાત્ શુદ્ધ બુદ્ધ આનંદકંદ આત્માનું રાગરહિત જ્ઞાન જેના અંતરમાં થયું નથી–સ્વભાવમાં એકતા થઈ નથી તે જીવ 'મલિનચિત્ત' છે. તેના ચિત્તમાં મલિનતા વર્તે છે.

પોતાનું અતીન્દ્રિય આનંદસ્વરૂપ એના ચિત્તમાં વસ્યુ નથી એટલે પરથી પોતાની બડાઈ માનવામાં જ એને મોટાઈ લાગે છે. 'મોટાઈ' માંથી તેની રુચિ ખસતી નથી.

શ્રોતા :–પરથી પોતાની મોટાઈ માટે કોઈ દ્રષ્ટાંત આપો તો ખ્યાલ આવે.

પૂજ્ય ગુરુદેવશ્રી :–એ જ વાત આવે છે. પોતાને કાંઈ શાસ્ત્રજ્ઞાન વિશેષ હોય અથવા રાગની મંદતા હોય તેથી લોકો તેને બહુ માન-મહત્તા આપતાં હોય તેમાં જો તેને ખુશી થતી હોય તો તેને પોતાની મોટાઈનો પ્રેમ છે. શાસ્ત્રના ભણતર ઘણાં કર્યાં હોય અને પંડિત કહેવાતો હોય, લોકો ખૂબ માન આપતાં હોય તેનાથી પોતે પોતાને

મોટો માનતો હોય તેને 'આત્માની મોટપ'ની ખબર નથી.

પ્રભુ ! તું તો કેવળજ્ઞાનનો કંદ છો હો ! તારો હીરો તારી દૃષ્ટિમાંથી અનાદિથી ખોવાઈ ગયો છે. તારા જ્ઞાને તારા હીરાની કિંમત કરી નહિ કે હું કોણ છું ? મારી ચીજમાં શું છે ?

અહીં જ્ઞાનની પ્રધાનતાથી વાત છે પણ સાથે શ્રદ્ધા અને અંશે વીતરાગ ચારિત્ર હોય છે. આવું 'આત્માનું જ્ઞાન જેને નથી' એમ શબ્દ વાપર્યો છે પણ તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી રહિત છે.

ભગવાન આત્મા શાંતરસનું દળ છે તેની અંતરદૃષ્ટિ-શ્રદ્ધા-એકત્વતા બહુમાન આવ્યું નથી, આત્માના સ્વભાવના સ્પર્શ વિના આ આત્મા જ અધિક અને મોટો છે એવું સમ્યગ્જ્ઞાન થયું નથી, તેના ચિત્તમાં પરથી પોતાની મોટાઈ ભાસે છે. પૈસા ઘણાં હોય, સ્ત્રી-પુત્રાદિ અનુકૂળ હોય, બહારથી માન-મોટાઈ મળતી હોય તેમાં જ એને પોતાની મોટાઈ લાગે છે. બહારની ચીજથી પોતાની મોટાઈ માને, અંદરમાં કાંઈ જ્ઞાનનો વિકાસ એવો થયો હોય કે બીજાને જાણે અને બીજાને સમજાવી શકે એવી ક્ષયોપશમની લાયકાત થઈ હોય તેની અંતરમાં મોટપ ભાસે છે, કેમકે અખંડાનંદ જ્ઞાનમૂર્તિ આત્માનું સમ્યગ્જ્ઞાનમાં ભાસન અને ભાવન કર્યું નથી, તેથી અંદરમાં ઉંડાણમાં એવી મીઠાશ રહે છે કે આપણને કાંઈક આવડ્યું... કાંઈક શીખ્યા...કાંઈક આપણે કરી જાણ્યું...! એ ખરેખર અજ્ઞાનમાં વધ્યાં છે અને પોતાને જ્ઞાનમાં વધેલાં માને છે.

પ્રતિષ્ઠા એટલે આબરું. તેનાથી પણ અધિકતા માને છે તેનું ચિત્ત મલિન છે. 'હું કાંઈક છું' તો દુનિયામાં મારી આટલી પ્રતિષ્ઠા ગણાય છે, કાંઈ ન હોય તો દુનિયા માને ખરી ! શાસ્ત્રના ભણતર અને બોલવાની છટા (એ તો જડની કળા છે) અને છકાયના જીવોની હિંસાથી પોતે ડરતો હોય એવી ક્રિયા કરીને જેને હું કાંઈક કરું છું એમ લાગતું હોય તેના ચિત્તમાં મલિનતા છે. બીજાં જીવો દુઃખી થતાં હોય તેને જોઈને પોતાને દયા આવે છે, તે ભાવથી જેને દયા નથી આવતી તેની કરતાં અમે કાંઈક અધિક છીએ- વિશેષ કરીએ છીએ એમ થાય છે. પણ ચૈતન્યને ભૂલીને આ ભાવમાં આવ્યો છે માટે તેનું ચિત્ત મલિન છે.

હું દયા પાળુ છું, શરીરનું બ્રહ્મચર્ય પાળુ છું, શાસ્ત્રનું ભણતર કરું છું, મારી પાસે ઘણી કળા છે એવો લોકોને ખ્યાલ આવી ગયો છે, તેથી લોકો મને સારો કહેશે—અધિક કહેશે તેનો લાભ તો મને મળશે. એમ પ્રતિષ્ઠામાં લાભ માનનારો પોતાના ભગવાનને ભૂલ્યો છે. આખો અનંતગુણનો ધણી આનંદકંદ ભગવાન એની

દૃષ્ટિમાંથી ખોવાઈ ગયો છે તેથી ભિખારી થઈને ભીખ માંગવા નીકળ્યો છે. હું જ છ દ્રવ્યને એક સમયમાં જાણી લેનારો ચૈતન્યચક્રવર્તી થવાનો છું તેનું એને ભાન નથી.

હું મને જાણતાં છ ખંડને જાણું, તે પણ એક સમયમાં, એવો હું ચૈતન્યચક્રવર્તી છું, રાગનો કે શરીરના એક રજકણનો પણ કર્તા નથી. પૂર્ણ......પૂર્ણ...અનંત ગુણનો દરિયો છું, તેને ભૂલીને બહાર શોધવા લાગ્યો છે કે આમાં ક્યાંક હું છું.

બહારના 'લાભ'થી પોતાને લાભ માનવો એ બધો રાગનો ભાગ છે. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધાનો ભાવ એ પણ રાગ છે. તેનાથી પોતાને લાભ માનવો, પંચમહાવ્રત કે અણુવ્રતના પરિણામથી પોતાને લાભ માનવો એ બધો રાગ ભાવ છે. તેનાથી રંગાયેલા ચિત્તવાળો પોતાના સ્વભાવને તો જાણતો નથી અને બાહ્યથી ત્યાગ લઈને, વેષ પલટીને બેઠો છે તે બગલા જેવો છે. પોતાને ચૈતન્ય આત્માનું ભાન નથી. પણ લોકોને ક્યાં ખબર છે કે આને જ્ઞાન નથી. લોકો તો બાહ્યથી દેખાતાં ક્ષયોપશમ, રાગની મંદતા આદિથી તેને મોટો માને છે તેને લોકો ધર્મી કહે છે, તેમાં જેને 'ઠીક' છે એમ મનાય છે તે અજ્ઞાનમાં વધ્યો છે.

ચૈતન્યમૂર્તિ આનંદકંદનું ભાન નથી, શ્રદ્ધા નથી, અધિકતા નથી તેથી જ તેને બહારની મોટપ, પ્રતિષ્ઠા, લાભ આદિમાં મીઠાશ લાગે છે તેને જ્ઞાનસ્વભાવની અધિકતાના બદલે રાગની અધિકતા ભાસી છે. જો આત્માનું ભાન હોય તો મોટપ, પ્રતિષ્ઠા, લાભ આદિમાં મીઠાશ ન વેદાય. સમયસારમાં આચાર્યદેવે આખા બાર અંગ અને ચૌદ પૂર્વનો સાર ભરી દીધો છે. બધાં સૂત્રો જ ભર્યા છે અંદર.

ભગવાન આત્માની પવિત્રતાના પ્રેમ, દૃષ્ટિ, રુચિ અને ભાવ વિના અમે પ્રતિષ્ઠા આદિના પ્રેમમાં પડ્યાં છીએ તેની લોકોને ક્યાં ખબર છે! રાગની મીઠાશ... યશની મીઠાશ... કીર્તિની મીઠાશ... બીજાં મોટપ આપે તેની મીઠાશ... એમાં રંગાયેલો એમ જાણે છે કે મારામાં આવા ભાવ છે તેને દુનિયા ક્યાં જાણે છે! એમ માનીને વીતરાગ પરમાનંદ સુખરસના અનુભવરૂપ ચિત્તની શુદ્ધિને કરતો નથી. અનાદિથી અજ્ઞાનમાં બીજી રીતે રોકાણો હતો તે અહીં સૂક્ષ્મ રીતે વિકલ્પની જાળમાં રોકાઈ ગયો છે, પણ ભગવાન આત્માને ઓળખીને તેનો સ્વાદ લઈને ચિત્તની શુદ્ધિને કરતો નથી અને બહારથી લોકોના રંજન માટે માયાચારથી બગલા જેવો વેષ ધારણ કર્યો છે.

અરે! જેને અંદરમાં ચૈતન્યની કિંમત નથી અને દુનિયા પાસે કિંમત લેવા માગે છે કે અમે આટલાં મંદિર બનાવ્યાં, આટલાં શાસ્ત્રો રચ્યાં, આટલાં શિષ્યો બનાવ્યાં, ધર્મનું રક્ષણ કરીને રાખ્યું—એટલું તો અમે કર્યું છે ને!.....તેણે કાંઈ કર્યું નથી. બગલા જેવો વેષ લીધો છે.

દિગંબર મુનિઓ આવી સ્પષ્ટ વાત કરે છે. મુનિને દુનિયા પાસેથી ક્યાં કાંઈ લેવું છે ! 'નાગા-બાદશાહથી આઘા' એવા મુનિઓ કહે છે કે વસ્તુ તો આ છે બાપા ! સમજાય તો સમજો.

અમે સાધુ છીએ, પંચ મહાવ્રત પાળીએ છીએ, ઉપદેશ આપીને લોકો ઉપર ઉપકાર કરીએ છીએ, દયા પાળીએ છીએ એમ માને છે અને અંતરમાં આત્માનું ભાન નથી તેને એકલાં મિથ્યાત્વના જ આ પરિણામ છે. રાગની અધિકતામાં પ્રેમ કરવો એ જ મિથ્યાત્વ છે. વીતરાગી ચિદાનંદ પ્રભુની રુચિપૂર્વક સમ્યગ્જ્ઞાન કરવાનું ભૂલીને એકલી બાહ્ય ચેષ્ટા કરે છે, ત્યાગી જેવી ક્રિયા હોય, બ્રહ્મચર્ય શરીરથી પાળતો હોય, સજ્જન જેવું આચરણ હોય પણ અંદરમાં સત્ જન છે તેનું ભાન નથી, મહિમા નથી તેથી કહે છે કે એ વેષ બગલા જેવા છે. બગલો સરોવર કાંઠે એક પગ ઊંચો રાખીને બેઠો હોય જાણે મોટો મહંત ન હોય ! એવો લાગે. પણ તે માછલાંને પકડવા તૈયાર થઈને બેઠો છે. તેમ બહારથી જ્ઞાન, આચરણ આદિ દેખાતું હોય પણ અંતરમાં શુભાશુભ જે બંને મલિનભાવ છે તેની પ્રીતિમાં પડ્યો છે તે એકાંતદૃષ્ટિ-મલિનદૃષ્ટિ છે, તેણે સમ્યક્ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્માની દૃષ્ટિ અને જ્ઞાન કર્યા નથી.

આ તો યોગીન્દ્રદેવ-દિગંબર આચાર્ય જંગલમાં વસનારા છે, તેમણે આ શાસ્ત્રની રચના કરી છે, તેમને કાંઈ દુનિયાની પડી નથી. દુનિયા ઠીક માને કે ન માને તેની કાંઈ અપેક્ષા નથી. કેમ કે દુનિયા પાસેથી એમને કાંઈ જોઈતું નથી. સત્ય જેમ છે તેમ કહે છે.

યોગીન્દ્રદેવ કહે છે કે જ્ઞાનની શુદ્ધિ વિના—શુદ્ધતાના ભાન વિના, અશુદ્ધતાના પ્રેમમાં પડેલો તું તને ધર્મી કહેવરાવે છો—માન લે છો એ તો તારો માયાચાર છે. વિચારકોએ વિચારી લેવું. ભગવાન આત્મા આનંદમૂર્તિ આનંદનો રસકંદ છે, તેનો રંગ લાગ્યો નથી તેથી લોકોના મનનું રંજન કરીને પોતે રાજી થાય છે, એ તો બધું લોકરંજન છે.

શ્રોતા :—દુનિયા તો તેને સારા કહે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :—જે રાગ, વિકલ્પ અને દેહની એકત્વબુદ્ધિમાં પડેલ છે એવી દુનિયાની કિંમત કેટલી ! દુનિયા એને અભિનંદન આપે, સારા કહે તેની કિંમત કેટલી ! ચૈતન્યમૂર્તિને ભૂલીને એક માંસના ભોગ આગળ આખો અર્પાઈ જાય એવાની કિંમત કેટલી ! આચાર્ય તો કહે છે કે અતીન્દ્રિય આનંદના નાથના એક સમયના સુખ પાસે ત્રણલોકના રાજ પણ અમને તુચ્છ લાગે છે. એ અમને ન જોઈએ. આત્માના આનંદની

મીઠાશ પાસે જ્ઞાની ચક્રવર્તીને ઈન્દ્રની અપ્સરા જેવી ૯૬,૦૦૦ સ્ત્રીના ભોગ પણ ઝેર જેવા લાગે છે. અરે! આ શું! ઈન્દ્રાણી જેવી સ્ત્રીઓ તેનું સન્માન કરે... પધારો અન્નદાતા!... ઘણો આદર અને પ્રેમ આપે ત્યાં રાગ આવે છે પણ એ રાગ ઝેર સમાન લાગે છે કે મારો ચૈતન્ય સાહેબો એ રાગમાં ખોવાઈ જાય છે અને આ શું! સ્ત્રીઓના વૃંદમાં પડેલો પણ તે અંતરમા આનંદની મીઠાશને ભૂલતો નથી અને રાગ અને પરના રસમાં એકાકાર થતો નથી. રાગની વૃત્તિ ઉઠે છે તેમાં ઉપસર્ગ લાગે છે, દુઃખ...દુઃખ લાગે છે. પાંચ હાથનો જાડો મોટો ફણીધર નાગ ડંસ દેવા આવતો હોય તો કેવો ભાગે! તેમ ધર્મીને ભોગનો રાગ કાળા નાગ જેવો ભયાનક લાગે છે તેથી ત્યાંથી ભાગવા માગે છે.

અશુભના પ્રેમમાં પડેલો તો મિથ્યાદૃષ્ટિ છે જ પણ શુભભાવના પ્રેમમાં પડેલો પણ માયાચારી-મિથ્યાદૃષ્ટિ છે એમ અહીં આચાર્યદેવ કહે છે. શુભવૃત્તિથી કાંઈક કલ્યાણ થશે.....થશે... બીજાં કરતાં તો આગળ વધ્યા છીએ ને! એવો ભાવ રહ્યાં કરે છે. કોને?-કે જેની દૃષ્ટિમાં વિકલ્પાતીત ભગવાન આત્મા અધિકપણે વસ્યો નથી, જેના જ્ઞાને જ્ઞાયકને કબૂલ્યો નથી તેના ચિત્તમાં આ જાતની મલિનતાનો વાસ રહ્યાં કરે છે. માટે આવા કોઈ અજ્ઞાનીને મોક્ષ-પદવીની પ્રાપ્તિ ન જો, હે જીવ! ન જો. અર્થાત્ સમ્યગ્જ્ઞાન વિના કોઈનો પણ મોક્ષ થતો નથી.

બહારનો ક્ષયોપશમ અને કષાયની મંદતા જોઈને લોકો વખાણે કે શું આ કોઈ જ્ઞાની છે! પણ એવા અજ્ઞાનીઓનો મોક્ષ તું ન દેખ. કેમ કે મિથ્યાત્વથી મુકિત કદી થતી નથી.

અરે પ્રાણી! તું ભગવાન આનંદના ઘરમાં પેઠો નથી, તારા જ્ઞાનમાં આત્મા અધિકપણે વસ્યો નથી, અધિકપણું બાહ્યમાં ભાસે છે, તેની દુનિયાને તો ખબર નથી પણ તને ખબર નથી કે તું આ શું કરે છો?

આવી વાણી દિગંબર સંતો સિવાય ક્યાંય ન હોય. બીજે તો જુઓ ને! મરૂદેવી માતાને કેવળજ્ઞાન થવાનું માને છે! મરૂદેવીમાતા હાથીના હોદ્દે બેસીને જતાં હતાં અને વિચાર કરતાં હતાં કે મારો દીકરો ક્યાં હશે! ત્યારે ભરત કહે છે કે ૠષભદેવપિતા તો કેવળજ્ઞાન પામ્યા. આ સાંભળી મરૂદેવીમાતા ચિંતવન કરતાં કરતાં જ પોતે કેવળજ્ઞાન પામ્યાં. લ્યો! હાથીના હોદ્દે, સ્ત્રીના દેહે, કપડાં સહિત, ચિંતવનમાં કેવળજ્ઞાન મનાવે છે અને પોતાને બરાબર જ્ઞાની માને-મનાવે છે. પણ હાથીના હોદ્દે તો પુરુષદેહે પણ કેવળજ્ઞાન ન થાય, તેને બદલે સ્ત્રીને! અને કપડાંનો મોહ પણ છૂટ્યાં વગર ચિંતવન

કરતાં કરતાં ત્રણકાળમાં કોઈને કેવળજ્ઞાન થાય જ નહિ. પણ લોકો તો બહારથી જોનારાં છે. અરે ! આવી સ્થિતિમાં મરૂદેવીમાતાને કેટલી એકાગ્રતા થઈ કે કેવળજ્ઞાન થઈ ગયું! એમ મહિમા કરે. પણ આમ ન હોય.

જેને સ્વરૂપના ભાન થયા છે તેને સ્વરૂપની રમણતામાં મન, વચન, કાયાથી વસ્ત્ર-પાત્ર આદિ બધાંનો ત્યાગ થઈ જાય, બાહ્યમાં નગ્નદશા આવી જાય અને તે પણ પુરુષદેહ જ હોય, સ્ત્રીદેહે કદી મુનિપણું પણ ન હોય. એવા ચારિત્રવંત મુનિને આત્મલીનતાની ઉગ્રતામાં કેવળજ્ઞાન થઈ જાય છે. આવા મોક્ષમાર્ગના ભાન વિના, આત્માના ભાન વિના ઓઘે ઓઘે આત્માની શક્તિની મહિમા કરે તોપણ શું ? તેને આત્માની શક્તિનું ભાન જ નથી. માટે, અહીં યોગીન્દ્રદેવ શિષ્યને કહે છે કે આવા જીવોને મુક્તિ થઈ એમ તું ન જોઈશ-ન માનીશ. આ માટે દ્રષ્ટાંત આપે છે કે પાણીને બહુ મથવા છતાં હાથ ચીકણાં થતાં નથી, કેમ કે પાણીમાં ચીકણાપણું જ નથી, તેમ બાહ્યવેષમાં સમ્યગ્જ્ઞાન નથી અને સમ્યગ્જ્ઞાન વિના મહાન તપ કરે તો પણ મોક્ષ થતો નથી.

શુભાશુભ વિકલ્પની જાળમાં પડેલાની, પર તરફ લક્ષવાળા ઉઘાડમાં પડેલાની, પરની શ્રદ્ધામાં પડેલાંની કોઈ રીતે મુક્તિ થતી નથી. જેમ પાણીનું મંથન કરવાથી હાથ ચીકણો થતો નથી, તેમ આત્માના દૃષ્ટિ-જ્ઞાન અને લીનતા વિના મોક્ષ થતો નથી. પાણી વધારે હોય તો તો તેને મથવાથી હાથમાં ચીકાશ આવે ને ?—ના, કેમ કે પાણીમાં ચીકાશ નથી. તેમ ખૂબ ક્રિયાકાંડ કરો તો તો ધર્મ થાય ને ?—ના, કેમ કે તે ધર્મની ક્રિયા નથી. તેમજ એકલાં જ્ઞાનના ક્ષયોપશમથી પણ ધર્મ થતો નથી કેમ કે તેમાં આત્માના જ્ઞાનની ગંધ પણ નથી. માટે, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય થવાની આશા રાખીશ નહિ. લાખ કે કરોડમણ પાણીને મથીશ તોપણ હાથ ચીકણો નહિ થાય, તેમ રાગની મંદતાની કે બાહ્યવેષની અબજો પ્રકારની ક્રિયા કરવાથી સમ્યગ્દર્શન નહિ થાય. બહિર્મુખની અને અંતર્મુખની ચીજ જ બંને જુદી છે.

અંતરમુહર્તમાં કેવળજ્ઞાન થઈ શકે છે, પણ કોને ?-કે જેણે પ્રથમ સમ્યગ્દર્શન-પૂર્વક મન, વચન, કાયાથી નવ નવ કોટીએ વસ્ત્ર-પાત્રાદિ છોડ્યાં હોય ત્યારે તો તેને મુનિપણું આવે. તે પછી અંતરમાં સ્થિર થઈ જાય તો તેને અંતરમુહર્તમાં કેવળજ્ઞાન થાય. વસ્ત્ર અને દાગીના પહેર્યાં હોય અને કેવળજ્ઞાન થઈ જાય એમ ત્રણકાળમાં બને નહિ. સમ્યગ્જ્ઞાન વિના તો બાર બાર માસના અપવાસ કરે પણ ધર્મ નહિ થાય—હાથ ચીકણો નહિ થાય.

સમ્યગ્દર્શન થાય એટલે મિથ્યાત્વથી મુક્તિ થઈ ગઈ, પછી શ્રાવક થતાં અવ્રતથી મુક્તિ થાય છે. મુનિ થતાં પ્રમાદ આદિથી મુક્તિ થાય છે. આમ બધી રીતે મુક્તિ થતાં થતાં સંપૂર્ણ મુક્તિ પ્રાપ્ત થાય છે. પણ, સમ્યગ્દર્શન વિના તો મહાન તપ કરે તોપણ મુક્તિ થતી નથી. કેમ કે સમ્યગ્જ્ઞાનનું લક્ષણ વીતરાગ શુદ્ધાત્માની અનુભૂતિ છે.

આત્મા કેવો છે ?-કે 'વીતરાગ શુદ્ધાત્મા' છે, તેની અનુભૂતિ તે સમ્યગ્જ્ઞાનનું લક્ષણ છે. ૧૧ અંગ ભણી જવા તે સમ્યગ્જ્ઞાનનું લક્ષણ નથી.

લોકો આને એકાંત છે એમ કહે છે. બિચારાંને ખબર નથી તેથી શું કહે ! પણ મારગ તો જેમ હોય તેમ જ રહેશે. દુનિયા કોલાહલ કરે અને ન માને તેથી કાંઈ મારગ ફરી જાય તેમ નથી. પણ આવો માર્ગ સાંભળવામાં નિષેધ કરે છે તેને અંતરથી રુચિ થવાનો કાળ ક્યારે આવશે !! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જ મુક્તિનો માર્ગ છે એવી શ્રદ્ધાનો પુલ નહિ બાંધે ત્યાં સુધી અંતરમાં જવાનો કોઈ ઉપાય નથી. રાગ અને નિમિત્તના અવલંબન વિના અંતરમાં જઈ શકાય છે એવી શ્રદ્ધાના પાકા પુલ બાંધ્યા વિના ભગવાન આત્માનું જ્ઞાન કે શ્રદ્ધાન થતું નથી.

વીતરાગ શુદ્ધાત્માની નિર્વિકલ્પ અનુભૂતિ જેનું લક્ષણ છે એવું સમ્યગ્જ્ઞાન જ મોક્ષનું મૂળ છે, તે સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રથી જુદું નથી, ત્રણેય એક છે. સમ્યગ્જ્ઞાન આત્માની શ્રદ્ધા વિનાનું ન હોય અને રાગના અભાવ વિનાનું ન હોય. સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર ત્રણેય સાથે હોય છે. અહીં તો વીતરાગતા સિદ્ધ કરવી છે, કેમ કે આત્મા વીતરાગ શુદ્ધાત્મા છે. માટે તેની દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ પણ વીતરાગતામય છે. સમ્યક્ સહિત અને રાગ રહિત વીતરાગ અનુભૂતિ તે જ આત્માનુભૂતિ છે, તે જ સમ્યગ્જ્ઞાન છે.

સમજાય એવું છે ને ભાઈ ! અંદરમાં વસ્તુ મોટી-મહાન છે. પોતાનો મહાપ્રભુ બિરાજે છે તેની કિંમત આવવી જોઈએ. માતાના હાથથી છૂટો પડી ગયેલો બાળક બીજે રસ્તે ચડી જાય ત્યાં કાંઈ જોવાનું, કાંઈ ફરવાનું કે ખાવાનું મળી જાય તેમાં રોકાઈ જાય પણ જ્યાં યાદ આવે કે મારી મા ક્યાં ? ત્યાં બીજું બધું ભૂલી જાય. તેમ આ અનાદિકાળનો ચિદાનંદ આત્મા પોતાને ભૂલીને દેવના સુખમાં, સ્ત્રીમાં, આબરૂમાં, પૈસામાં, વેપારમાં એમ ક્યાંય ને ક્યાંય અટકી ગયો છે, ધર્મના બહાને પણ શાસ્ત્રના જાણપણામાં કે ત્યાગમાં કે કષાયની મંદતાના પ્રેમમાં એમ અનેક પ્રકારે રોકાઈ ગયો છે, તેથી ભગવાન આત્મા યાદ આવતો નથી. તેને શ્રીગુરુ કહે છે કે જેમાં તીર્થંકરગોત્રને યોગ્ય શુભભાવની પણ ગંધ નથી એવા શુદ્ધાત્માને ભૂલીને બીજા રાજીપાના રસ્તે તું

ક્યાં આગળ નીકળી ગયો તેની તને ખબર છે ! કેટલાં વેગે તું ઊંધો ચાલ્યો ગયો તે વેગની ખબર છે કાંઈ !

શ્રોતા :—શરીરમાં રોકાઈ જતો હશે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :—શરીર તો સ્થૂળ રોકાણ છે પણ આ તો મંદકષાય અને શાસ્ત્રજ્ઞાનમાં રાજીપાના ખીલે ચડીને ત્યાં સલવાઈ ગયો છે.

**'વચનામૃત વીતરાગના, પરમશાંતરસમૂળ,**
**ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.'**

કાયરને એમ થાય કે ''વીતરાગ શાસ્ત્રકાર આ શું કહે છે ! અમે હજી તીવ્રરાગમાં પડ્યાં છીએ તેને મંદરાગમાં તો આવવા દ્યો !'' અરે ભાઈ ! મંદરાગમાં આવ તો પણ વિકલ્પમાં એકતાબુદ્ધિની જાત તો એની એ જ છે, તેમાં કાંઈ ફેર પડતો નથી. ત્યાં તત્ત્વ તો કાંઈ આવ્યું નથી.

આ જ વાત ૭૫મી ગાથામાં કહે છે કે નિશ્ચયથી આત્મજ્ઞાનથી બહિર્મુખ બાહ્યપદાર્થનું જ્ઞાન છે તેનાથી પ્રયોજન સધાતું નથી. શાસ્ત્રનું જ્ઞાન, શિષ્યોને ભેગા કરવાનું જ્ઞાન, મંદિરો બનાવવાનું જ્ઞાન, અબજો રૂપિયા દાનમાં મેળવવાની કળા.....એ બધાં અજ્ઞાન છે, તેનાથી આત્મહિતનું પ્રયોજન સિદ્ધ થતું નથી.

જ્ઞાનમૂર્તિ ચૈતન્યસૂર્ય પ્રભુના અંતરના જ્ઞાન વિના બાહ્યજ્ઞાનથી કાંઈ સિદ્ધિ નથી. બે-ચાર પ્રશ્નોના ઉત્તર આવડે ત્યાં એમ થઈ જાય કે મને બહુ આવડે છે. શાસ્ત્રની વાત કરતાં આવડે તો એમ લાગે કે મારી પાસે ઇ જાતની કળા છે. મિત્રોને પૂછે કે કેમ ? તમને કેવું લાગ્યું ? અરે ભાઈ ! વાણી તો જડ છે, વિકલ્પ તો રાગ છે અને પર તરફનો ઉઘાડ તે પણ તારો સ્વભાવ નથી. તેનાથી તારી અધિકતા શું ? તેનાથી તારા હિતનું પ્રયોજન સિદ્ધ થતું નથી. આ અભિપ્રાય મનમાં રાખીને યોગીન્દ્રદેવ જંગલમાં તાડપત્ર ઉપર આ ગાથા લખે છે. દિગંબર સંતોની શૈલી છે કાંઈ ! ધર્મના થાંભલા છે. તત્ત્વની વાત લોકો સમજી ન શક્યાં. આ તો ૯૦૦ વર્ષ પહેલાંનો ગ્રંથ છે, કાંઈ સોનગઢનો નથી.

जं णिय-बोहहँ बाहिरउ णाणु वि कज्जु ण तेण ।
दुक्खहँ कारणु जेण तउ जीवहँ होइ खणेण ॥७५॥

અર્થ :—જે આત્મજ્ઞાનથી રહિત શાસ્ત્ર વગેરેનું જ્ઞાન છે તે જ્ઞાનથી કાંઈ કામ

(અનુસંધાન માટે જુઓ પેઈજ નં. ૧૬)

# ત્રણ લોકનો વિલાસ આત્મામાં જ ગર્ભિત છે

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૯૯)

આ, શ્રી નાટક સમયસાર ગ્રંથ છે : તેમાં 'બંધદ્વાર'માં ૪૫ મો બોલ છે. તેમાં બનારસીદાસજીએ લૌકિકજનોનો મોહ દૂર કરવાનો ઉપદેશ આપ્યો છે. પરની સાથે તારે કાંઈ સંબંધ નથી એમ સિદ્ધ કરે છે.

ए जगवासी यह जगत्, इन्हसौं तो हि न काज ।
तेरै घटमैं जग बसै, तामें तेरो राज ।।४५।।

અર્થ :–હે ભવ્ય ! આ સંસારીજીવો અને આ સંસાર સાથે તમારે કાંઈ સંબંધ નથી. તમારા જ્ઞાનઘટમાં સમસ્ત સંસારનો સમાવેશ છે અને તેમાં તમારું જ રાજ્ય છે.

હે જગતવાસી જીવ ! તું આત્મા છો. તારે જગત સાથે એટલે કે શરીર, કર્મ, ઘર-દુકાન આદિ પરવસ્તુ સાથે કાંઈ સંબંધ નથી. શરીર અને કર્મ આદિ તો જડ છે માટે આત્માથી જુદાં છે અને બીજાં જીવો તે પણ તારા આત્માથી ભિન્ન હોવાથી પર છે, તેની સાથે તારે કાંઈ સંબંધ નથી.

પ્રશ્ન :–જગત સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો છે ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :–એ સંબંધનું શું કામ છે ? તારા જ્ઞાન, આનંદ, સુખ આદિ બધું તારા કારણે તારામાં થાય છે, કાંઈ પરથી થતું નથી. તો પરનું તારે કામ શું છે ? જગતનું જ્ઞાન તો તારા આત્મામાં વસે છે અને તે જ્ઞાનનો તું રાજા છો.

તારી સવળી કે ઉલટી દશા તારામાં છે, તારાથી બહાર કાંઈ નથી. ભાઈ ! તું અનાદિ અનંત એક આત્મવસ્તુ છો, માટે તારા ગુણો અને પર્યાયો તારામાં તારા કારણે તારાથી છે, પરના કારણે કાંઈ નથી. તારી ધર્મદશા કે વિકારીદશા તારે આધીન છે. ગુરુના કારણે કે સ્ત્રી, પુત્રાદિના કારણે તારી દશા નથી અને બીજા જીવ અને પુદ્ગલોની અવસ્થા તારે આધીન નથી.

શ્રોતા :–ઘરના બધાં જીવો ધર્મ પામે તો સારું ને !

પૂજ્ય ગુરુદેવશ્રી :–ઘરના માણસોમાં યોગ્યતા હોય તો ધર્મ પામે. તેને ધર્મ પામવો કે ન પામવો તે કાંઈ તારા કારણે નથી. ધર્મ સમજે કે અધર્મ કરે એ બધું જીવનું પોતાના કારણે છે, પરના કારણે કાંઈ નથી.

આ બંધ અધિકાર છે ને ! એટલે પરમાં તારું બંધપણું બિલકૂલ નથી એ સમજાવે છે. તારું જ્ઞાન કે અજ્ઞાન, ધર્મ કે અધર્મ એ તારા કારણે તારામાં છે, પરના કારણે કાંઈ નથી. પરને અને તારે ખરેખર કાંઈ સંબંધ જ નથી. લોકાલોકનું જાણવું થાય તે તારા જ્ઞાનસ્વભાવને કારણે છે. પર સાથે જાણવા સિવાય તારે કાંઈ સંબંધ નથી. પરથી તારામાં કાંઈ થાય કે તારાથી પરમાં કાંઈ થાય એવું વસ્તુનું સ્વરૂપ નથી. શરીર, પૈસાના રજકણો સાથે તારે કાંઈ સંબંધ નથી. એ તો જગતની ચીજો જગતમાં છે. તાર તત્ત્વ સાથે તેને કાંઈ સંબંધ નથી. તારું અને તેનું તત્ત્વ જ જુદું છે.

याही नर-पिंडमैं विराजै त्रिभुवन थिति,
　　याहीमैं त्रिविधि--परिनामरूप सृष्टि है ।
याहीमैं करमकी उपाधि दुख दावानल,
　　याहीमैं समाधि सुख वारिदकी वृष्टि है ।
याहीमैं करतार करतूति हीमैं विभूति,
　　यामैं भोग याहीमैं वियोग यामैं धृष्टि है ।
याहीमैं विलास सब गर्भित गुपतरूप,
　　ताहीकौं प्रगट जाके अंतर सुदृष्टि है ॥४६॥

અર્થ :—આ મનુષ્યશરીરમાં જ ત્રણલોક મોજુદ છે, એમાં જ ત્રણેપ્રકારના પરિણામ છે, એમાં જ કર્મ-ઉપાધિજનિત દુઃખરૂપ અગ્નિ છે, એમાં જ આત્મધ્યાનરૂપ સુખની મેઘવૃષ્ટિ છે, એમાં કર્મનો કર્તા આત્મા છે, એમાં જ તેની ક્રિયા છે, એમાં જ જ્ઞાન-સંપદા છે, એમાં જ કર્મનો ભોગ અથવા વિયોગ છે, એમાં જ સારા કે ખરાબ ગુણોનું સંઘર્ષણ છે અને આ જ શરીરમાં સર્વ વિલાસ ગુપ્ત રીતે સમાયેલા છે. પરંતુ જેના અંતરંગમાં સમ્યગ્જ્ઞાન છે તેને જ સર્વ વિલાસ જણાય છે.

જેને આત્મા, શરીર અને કર્મથી ભિન્ન છે એવું સમ્યક્ ભાન થાય તેને આ બધી સ્થિતિ અંદરમાં મારામાં છે એવું જણાય છે. ઉર્ધ્વ, મધ્ય અને અધો અથવા પાતાળ આ ત્રણેયલોક તારામાં છે. શરીરના કોઈ પરમાણુ તારા નથી. તારે અને શરીરના પરમાણુને કાંઈ સંબંધ નથી. આગળ તો ત્યાં સુધી લેશે કે દેવ-શાસ્ત્ર અને ગુરુ પણ તારા માટે પરચીજ છે. પરચીજમાંથી તને કાંઈ મળે તેમ નથી અને પર કોઈ તને આપે તેમ નથી. તારામાં તારો ધર્મ છે, તારામાં તારો અધર્મ છે. તારામાં તારા ત્રણલોક છે. તું ભગવાનના દર્શન માટે પહાડ ઉપર જાય છે પણ ત્યાં ક્યાં તારા ભગવાન હતા ! તારા ભગવાન તો તારામાં છે. સમ્મેદ્શિખર કે શંત્રુજય ઉપર તારા

ભગવાન નથી. જ્યાં તારા ભગવાન છે ત્યાં તો તું શોધતો નથી અને બહારમાં ભગવાનના દર્શન કરવા જાય છે. શુભભાવમાં ભગવાનના દર્શન-ભકિત આદિનો ભાવ આવે પણ તે પુણ્યબંધ છે, તેનાથી ધર્મ થાય તેમ નથી. ભગવાન કહે છે કે તું તારી સામે જો તો તને એ તારા ભગવાનની પ્રાપ્તિ થશે. અમારી પાસે તારો ભગવાન નથી.

અંદરમાં શુદ્ધ સત્‌ચિદાનંદ પ્રભુ નિર્મળ શુદ્ધ આનંદનું ધામ તારામાં છે, ત્યાં નજર કર તો ત્યાંથી મળે. બાકી બહારથી કાંઈ મળે તેવું નથી. અશુભથી બચવા શુભભાવમાં જાત્રા આદિનો શુભભાવ હોય પણ તેનાથી આત્માને ધર્મની પ્રાપ્તિ થાય તેમ નથી.

મારો ધણી મારાથી દૂર દેશાંતરમાં નથી. સર્વજ્ઞસ્વભાવી આત્મા હું પોતે મારો ભગવાન છું એમ અંતરમાં જોતાં પોતાનો ભગવાન પોતામાં—અંતરમાં ભાસે છે. માટે કહ્યું કે ત્રણલોકની સૃષ્ટિ તારામાં છે. તારા ઉત્પાદ-વ્યય અને ધ્રૂવ ત્રણેય તારામાં છે. તું વિકારી દશાનો કે નિર્મળ દશાનો ઉત્પાદ કર અને પૂર્વની પર્યાયનો વ્યય થાય અને તારું તત્ત્વ ધ્રુવ રહે એ બધું તારું તારામાં છે. કોઈ બીજો તારા પરિણામ ઉત્પન્ન કરાવી આપે કે તને ટકાવી રાખે એવું નથી. ભેદથી કહો તો ઉત્પાદ-વ્યય અને ધ્રુવ એ ત્રણેય તારાથી તારામાં છે. પરદ્રવ્યના લક્ષે તને રાગ થાય તે પણ તારાથી થયેલો છે, પરને લઈને થયો નથી અને ધર્મ થાય તે પણ તારા ચૈતન્યના આશ્રયના કારણે થાય છે, પરના કારણે થતો નથી. સાક્ષાત્‌ ત્રણલોકના નાથ સમવસરણમાં બિરાજતાં હોય તે પણ તારા પરિણામ ઉપજાવી ન આપે.

શ્રોતા :—તો પછી ભગવાનને માનવાથી લાભ શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભગવાનને માનવાથી પુણ્ય થાય, ધર્મ ન થાય. વસ્તુનું સ્વરૂપ જ આવું છે. લોકોએ સાંભળ્યું નથી તેથી વસ્તુના સ્વરૂપમાં કાંઈ ફેર પડી જાય ! ભગવાન કહે છે કે હું તો તારા માટે જ્ઞેય છું. ઉપાદેય તો તને તારું તત્ત્વ છે.

આજે, શ્રાવણ વદ એકમના દિવસે વિપુલાચલ પર્વત ઉપર ભગવાનની દિવ્યધ્વનિ છૂટી હતી. તેમાં આ આવ્યું કે મારા કારણે તારામાં કાંઈ થતું નથી. મારું અને તારું તત્ત્વ ભિન્ન છે. તારામાં અજ્ઞાનના કારણે દુઃખનો દાવાનળ સળગે છે. કર્મના નિમિત્તના સંબંધમાં શુભાશુભભાવની અગ્નિ સળગે છે. જગતનાં જીવો ધર્મની સમજણ વિના આંધળાની જેમ ચાલ્યાં જાય છે. ભગવાન કહે છે કે અમારા પ્રત્યે તને જે રાગ છે તે પણ અગ્નિ છે. તે તારાથી થયેલી છે, અમારાથી નહિ.

આ તો વીતરાગમાર્ગ છે. વીતરાગમાર્ગમાં રાગનો અંશ પણ ન હોય. અશુભથી

બચવા શુભભાવ આવે પણ તે અગ્નિ છે–દુઃખ છે. સુખ તો તારા સ્વભાવનો આશ્રય લઈને જેટલી શુદ્ધતા પ્રગટ કરી છે એટલું સુખ છે. શુભાશુભ ભાવ આવે છે તેમાં દુઃખ છે એમ ધર્મીનું જ્ઞાન જાણે છે, અજ્ઞાનીને તેનું ભાન હોતું નથી.

याहीमैं समाधि सुख..... રાગ વિનાની શાંતિ અને સમાધિ એ પણ તારી તારામાં છે. તેમાં સુખરૂપી વર્ષાની વૃષ્ટિ છે. ઝરમર ઝરમર સુખ વરસે છે તે પોતાથી પોતામાં વરસે છે. આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ છે. તેની અંતરદૃષ્ટિ થતાં સમાધિસુખનો વરસાદ વરસે છે. તે પણ તારાથી તારામાં છે, કાંઈ પરના કારણે નથી. વાદળ પાણીથી ભરેલાં હોય છે તેથી વરસે છે. તેમ આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો છે તેથી અંતરદૃષ્ટિ કરતાં અતીંન્દ્રિય આનંદ વરસે છે.

વ્યવહારની વાત ઉપર તો અહીં મીંડા મૂકાય છે. તું મીંડા મૂકીશ ત્યારે ધર્મ થશે.

याहीमैं करतार करतूति..... જ્ઞાની જાણે છે કે મારી ક્રિયાનો કર્તા હું છું. રાગનું પરિણમન થાય છે તે પણ મારું મારાથી થયેલું પરિણમન છે. ૪૭ નયમાં આ નય આવે છે. ધર્મની ક્રિયા પણ પોતાની પોતામાં છે. એ ક્રિયા કર્મ કે શરીરની નથી અને કર્મ કે શરીરાદિના કારણે થતી નથી. જ્ઞાનની સંપદાની વિભૂતિ પણ પોતાની પોતામાં છે. પોતાનો આશ્રય લઈને તે પ્રગટ થાય છે. વાણી સાંભળવાથી જ્ઞાન થતું નથી કેમ કે વાણી આદિ બધુ જગતના તત્ત્વમાં જાય છે. તું તો તેનાથી જુદો છો. તારું ધર્મ અને અધર્મરૂપી કાર્ય તારામાં છે, પરને કારણે નથી.

ધર્મી આ બધું બરાબર જાણે છે કે મારી ક્રિયા મારામાં મારા કારણે મારા માટે છે. તેથી કહે છે કે હે જગવાસી ! જગત સાથે તારે કાંઈ સંબંધ નથી. બનારસીદાસે બંધદ્વારમાં સ્વતંત્ર શ્લોકો મૂકીને સારું સ્પષ્ટ કર્યું છે.

બંગલા અને ફર્નિચર એ તારી વિભૂતિ નથી. તેનાથી તારી શોભા નથી. જ્ઞાની તેને પોતાની વિભૂતિ માનતાં નથી. તેનાથી પોતાને સુખ માનતાં નથી. સુખની કલ્પના થાય છે તેને જ્ઞાની દુઃખરૂપ જાણે છે. ધર્મીને પાંચ ઈન્દ્રિયના વિષય ભોગવવાની કલ્પના આવે છે પણ તેને દુઃખરૂપ જાણે છે અને અધર્મી તેને સુખરૂપ જાણે છે. બંનેની દૃષ્ટિમાં આટલો ફેર છે. શરીર, ઈન્દ્રિય, પૈસા આદિનો ભોગ આત્મા ત્રણકાળમાં કદી કરી શકતો નથી, કેમ કે તે તો પરવસ્તુ છે, તેના પ્રત્યે રાગ થાય છે તેને પોતે ભોગવે છે. રાગનો ભોગ પણ મારો મારાથી છે એમ ધર્મી જાણે છે અને રાગનો વિયોગ એટલે રાગનો જેટલો અભાવ થાય છે તે પણ મારાથી મારામાં છે. જેટલો

સુખનો વિયોગ વર્તે છે તે પણ પોતાના કારણે છે. જેટલો આનંદ આવે તે પોતાના કારણે છે તેમ જેટલો આનંદનો વિયોગ રહે છે તે પણ પોતામાં પોતાના કારણે છે, કર્મના ઉદયને લઈને આનંદનો વિયગો વર્તે છે એમ નથી.

ધૃષ્ટિ એટલે ઘર્ષણ. તે પણ પોતાના કારણે થાય છે. રાગને કારણે ઘર્ષણ થાય છે તે તારું તારામાં છે અને ઘર્ષણ છોડીને નિર્મળતા થાય તે પણ તારી તારામાં છે.

આવી વાત સાંભળે પણ સ્વીકાર ન થાય તેથી વ્રત, તપ, જપ, જાત્રા, ભક્તિ આદિ કરીને ધર્મ કરવા માગે છે. પણ અહીં કહે છે લાખ રૂપિયા દાનમાં આપ કે કરોડ આપ પણ ધર્મ થાય તેમ નથી. તપ કરી કરીને મરી જા તોપણ ધર્મ થાય તેમ નથી. ધર્મ તો પોતાના આશ્રયે પોતાની અંદર થાય છે. વીતરાગનો મારગ તો આમ કહે છે. તને માનવામાં ન આવે તેથી કાંઈ વસ્તુ પલટાઈ જતી નથી. કર્મના કારણે ગુણને આવરણ થાય અને કર્મ ખસે તો ગુણ પ્રગટ થાય એવું વસ્તુનું સ્વરૂપ નથી. સર્વજ્ઞ વીતરાગ પરમાત્માની દિવ્યધ્વનિમાં આવેલી આ વાત છે.

याहीमैं विलास सब गर्भित गुपतरूप । આ દેહની અંદર બધો વિલાસ ગુપ્ત ગર્ભિત છે. વિકારનું થવું, ઘર્ષણ થવું, વિકારનું ટળવું, શુદ્ધતાનું થવું એ બધું તારું તારી પર્યાયમાં તારા અસ્તિત્વમાં છે. પરના અસ્તિત્વ સાથે કાંઈ સંબંધ નથી.

શ્રોતા :–ગુપ્તરૂપ છે એટલે શું શક્તિરૂપ છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :–પર્યાયમાં જે કાંઈ તારો વિલાસ પ્રગટ છે તેની વાત છે, શક્તિની વાત નથી. શરીર અને વાણીની અપેક્ષાએ તેને ગુપ્તરૂપ કહ્યું છે. ધ્રુવની વાત નથી, પર્યાયની વાત છે. ધ્રુવની ધૂન લાગે તેને આવી પર્યાયનું પણ ભાન હોય છે. મારી પર્યાય મારામાં મારા કારણે છે પણ તે શરીર અને વાણીની જેમ બાહ્યથી દેખાય તેમ નથી, તેથી ગુપ્ત કહી છે. જેને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે તે બધું આ રીતે જાણે છે. અજ્ઞાની તો પરથી પોતાનો વિલાસ માને છે.

એક તો હજી ધંધાની પ્રવૃત્તિ આડે શુભભાવ કરવા પણ નવરાં ન હોય, તેમાં આવી વાત સાંભળે કે શુભથી ધર્મ નથી તો એ શુભભાવ પણ નહિ કરે એમ નથી. અશુભથી બચવા કહો કે તે કાળે થવા યોગ્ય એમ કહો ! શુભરાગ આવે છે, પણ તે ધર્મ નથી, પુણ્યબંધનું કારણ છે.

મારો બધો વિલાસ–ઊંધી કે સીધી બધી પર્યાયો મારી, મારામાં, મારાથી છે એમ આત્મદૃષ્ટિવંત–સમ્યગ્દૃષ્ટિ બરાબર જાણે છે. પોતાની પર્યાય પરથી થઈ એમ

માનતાં નથી. શુભભાવનું થવું મારાથી મારામાં છે, અશુભભાવનું થવું મારાથી મારામાં છે. સ્ત્રી, કુટુંબ પરિવારના કારણે કે ભોગની ક્રિયાના કારણે અશુભભાવ થાય છે એમ નથી. આ શાસ્ત્ર સાંભળે છે માટે શુભભાવ શાસ્ત્રના કારણે થાય છે એમ નથી.

વીતરાગની વાત આવી છે. શુભરાગથી ધર્મ તો બધાં માને છે. એ જ વાત વીતરાગદેવ કહે તો વીતરાગીમાં અને રાગીમાં ફેર ક્યાં રહે ! વીતરાગની વાણી તો અપૂર્વ છે. અહાહા...!

જીવનું રાગમાં જોડાણ થાય તેટલું ઘર્ષણ છે અને જેટલું સ્વભાવમાં જોડાણ થાય એટલો વિકાસ છે. તે બધું પોતાનું પોતાના કારણે છે. કર્મના કારણે વિકાર થાય અને કર્મ ઘટે તો વિકાર ઘટે એમ જ્ઞાની માનતાં નથી. મારા પુરુષાર્થની કમીને લઈને રાગ થાય છે એમ જ્ઞાની જાણે છે અને રાગને દુઃખરૂપ માને છે.

હવે 'આત્મવિલાસ જાણવાનો ઉપદેશ' ૪૭મા શ્લોકમાં આપે છે.

रे रुचिवंत पचारि कहै गुरु,
तू अपना पद बूझत नांही ।
खोजु हियें निज चेतन लच्छन,
है निजमैं निज गूझत नांही ॥
सुद्ध सुछंद सदा अति उज्जल,
मायाके फंद अरूझत नांही ।
तेरो सरूप न दुंदकी दोहीमैं,
तोहीमैं है तोहि सूझत नांही ॥४७॥

અર્થ :–શ્રીગુરુ બોલાવીને કહે છે કે હે ભવ્ય ! તું તારા સ્વરૂપને ઓળખતો નથી. પોતાના ઘટમાં ચૈતન્યનું લક્ષણ ગોતો, તે પોતાનામાં જ છે, પોતાથી ગુંચવાતો નથી. તમે શુદ્ધ, સ્વાધીન અને અત્યંત નિર્વિકાર છો. તમારી આત્મસત્તામાં માયાનો પ્રવેશ નથી. તમારું સ્વરૂપ ભ્રમજાળ અને દુવિધાથી રહિત છે જે તમને સૂઝતું નથી.

ભગવાન ! તારું આનંદસ્વરૂપ તારામાં જ છે પણ ભાઈ ! તું તારું સ્વરૂપ જાણતો નથી. તારું સ્વરૂપ શરીર, વાણી અને મનથી તો જુદું છે જ પણ શુભ-અશુભ વિકલ્પજાળથી પણ તારું સ્વરૂપ જુદું છે. આવા તારા સ્વરૂપને–નિજપદને તું જાણતો નથી. ભગવાન અને ભગવાનનું સ્વરૂપ તો ભગવાન પાસે રહ્યું પણ તું તો તારા સ્વરૂપને પણ જાણતો નથી. માટે હવે અંતરમાં તારા ચેતન લક્ષણથી તું તને શોધ !

આ જાણનાર...જાણનાર...જાણનાર છે તે તું છો. રાગ થાય છે એ તો બંધભાવ છે, તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી.

ભગવાન આત્મા શુદ્ધ અને સ્વતંત્ર છે. ત્રિકાળ નિર્મળાનંદ પ્રભુ છે. આવી અધ્યાત્મની વાતો વ્યવહારની રુચિવાળાને શ્રદ્ધામાં બેસે નહિ. વ્યવહાર દ્વારા પરમાર્થને સમજવા માંગે તો સમજી શકે છે પણ જો વ્યવહારની જ રુચિ છે તો તે અધ્યાત્મની વાત સાંભળવાને પણ લાયક નથી. કેમ કે શાસ્ત્રમાં વ્યવહારથી વાત તો આવશે અને તેને એનો પ્રેમ છે તેથી આત્મા વ્યવહારથી રહિત છે એ વાત એને રુચશે નહિ.

જેમ સરોવર નિર્મળ જળથી ભરેલું છે, તેમ ભગવાન આત્મા જ્ઞાનના નિર્મળભાવથી ભરેલો છે. પણ તેની ઉપર નજર નથી અને ભગવાન આત્મામાં જે ભરેલાં નથી એવા શુભાશુભભાવ ઉપર નજર છે. તેથી નિર્મળતાથી ભરેલો ભગવાન દેખતો નથી.

માયાકે ફંદ..... એટલે વિકલ્પના પ્રેમને છોડતો નથી તેથી તને ભગવાન દેખાતો નથી. તારા સ્વરૂપમાં માયાનો એટલે કે શુભાશુભ વિકલ્પનો પ્રવેશ નથી, ભ્રમણાથી પણ રહિત તારું સ્વરૂપ છે. પુણ્ય અને પાપની દુવિધાથી પણ તું રહિત છો, પણ તારું સ્વરૂપ તને સૂઝતું નથી. તને એમ છે કે વ્યવહાર કરશું તો નિશ્ચય પમાશે એ તારી ભૂલ છે. તું વ્યવહારથી ભિન્ન છો, માટે જ્ઞાનમાં ભિન્ન પાડ તો નિર્મળતા પમાશે.

જ્ઞાનાનંદ, સહજાનંદમૂર્તિ અનાદિ-અનંત વસ્તુ તું પોતે છો, પણ તું તને દેખાતો નથી. રાગની રુચિમાં રોકાઈ ગયો છે. વ્યવહારની રુચિ છોડીને જ્ઞાનમાં આવ તો લાભ થાય, વ્યવહાર–રાગથી આત્માને લાભ ન થાય. તેથી હવે ૪૮મા શ્લોકમાં કહે છે કે જ્ઞાનથી આત્મા ઓળખાય છે.

केई उदास रहैं प्रभु कारन,
केई कहैं उठि जांहि कहींकै ।
केई प्रनाम करैं गढि मूरति,
केई पहार चढैं चढि छींकै ॥
केई कहै असमानके उपरि,
केई कहैं प्रभु हेठि जमीके ।
मेरो धनी नहि दूर दिसन्तर,
मोहिमैं है मोहि सूझत नीकै ॥४८॥

અર્થ :—આત્માને જાણવા માટે અર્થાત્ ઈશ્વરની ખોજ કરવા માટે કોઈ તો ત્યાગી બની ગયા છે, કોઈ બીજા ક્ષેત્રમાં યાત્રા આદિ માટે જાય છે, કોઈ પ્રતિમા

બનાવીને નમસ્કાર પૂજન કરે છે, કોઈ ડોળીમાં બેસીને પર્વત ઉપર ચડે છે. કોઈ કહે છે કે ઈશ્વર આકાશમાં છે અને કોઈ કહે છે કે પાતાળમાં છે, પરંતુ આપણા પ્રભુ દૂર દેશમાં નથી ! આપણામાં જ છે ! તે આપણને સારી રીતે અનુભવમાં આવે છે.

(ક્રમશઃ)

* * *

(પાણીને વલોવ્યે......પેઈજ ૮થી ચાલુ)

સિદ્ધ થતું નથી, કેમ કે વીતરાગસ્વસંવેદનજ્ઞાન રહિત તપ તુરત જ જીવને દુઃખનું કારણ થાય છે.

निजबोधात् શબ્દ વાપર્યો છે. પોતાના જ્ઞાનથી રહિત એટલે નિજ ચૈતન્યસૂર્યના સ્વસંવેદનજ્ઞાનથી રહિત શાસ્ત્રજ્ઞાન, બોંતેરકળાના જ્ઞાન કે જેમાં બધી જાતની આવડત હોય... કવિત્વ, વ્યાકરણ, લેખ આદિ બધાંની કળા આવડે, હજારો શાસ્ત્રમાં આ જગ્યાએ આ લીટીમાં આ લખાણ છે એટલી આવડત હોય એવા જ્ઞાનથી આત્માને કાંઈ લાભ નથી.

વ્યવહારનો તો આમાં ભૂકો ઉડાળ્યો છે.

પોતે ચૈતન્યરાજા છે તેનું તો ભાન નહિ, તો પ્રજા જેવા બાહ્યજ્ઞાનથી શું સિદ્ધિ ! तेन कार्य न – તે જ્ઞાનથી કાંઈ કાર્યસિદ્ધિ નથી...નથી. પરથી તો તારું કાંઈ કાર્ય ન થાય પણ પોતાના પરસંબંધી જ્ઞાનથી પણ કાંઈ પોતાનું હિતનું કાર્ય થતું નથી. શાસ્ત્રજ્ઞાનથી પણ કાંઈ કાર્ય થતું નથી. કેટલાં થોકડાં આવડે, બોલતાં આવડે, સમજાવતાં આવડે.....એવા જ્ઞાનથી કાંઈ આત્મસિદ્ધિ નથી.

શ્રોતા :–આમાં અમારો નંબર ક્યાં લાગે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :–આત્માના જ્ઞાનમાં નંબર લગાડવો. બીજું કાંઈ ન આવડે પણ આત્માનું જ્ઞાન કરતા આવડે તેનો નંબર પોતાના હિતમાં લાગી ગયો એટલે લોટરી લાગી ગઈ.

જોયું ? આ ગાથામાં બાહ્યજ્ઞાનથી કાંઈ કાર્ય સિદ્ધિ નથી એમ કહીને અટક્યાં નથી. બાહ્યજ્ઞાન આત્માજ્ઞાન વિના દુઃખનું કારણ થાય છે એમ કહે છે. તે આગળ કહેવાશે.

(ક્રમશઃ)

* * *

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—** *પર્યાયમાં દ્રવ્ય નથી અને દ્રવ્યમાં પર્યાય નથી. તો પર્યાય દ્રવ્ય સાથે એકત્વનો અનુભવ કઈ રીતે કરી શકે?*

**સમાધાન :—** દ્રવ્યમાં પર્યાય નથી અને પર્યાયમાં દ્રવ્ય નથી, તે દૃષ્ટિ અપેક્ષાએ છે, કેમકે દ્રવ્ય ઉપર દૃષ્ટિ મૂકવાથી, દૃષ્ટિના વિષયમાં એક દ્રવ્ય આવે છે. પણ સર્વ અપેક્ષાએ દ્રવ્યમાં પર્યાય નથી અને પર્યાયમાં દ્રવ્ય નથી એમ નથી. પર્યાયને દ્રવ્યનો આશ્રય છે અને દ્રવ્ય પર્યાયરૂપે પરિણમે છે એમ બીજી એક અપેક્ષા છે. સર્વ અપેક્ષાએ પર્યાય તદ્દન જુદી હોય તો પર્યાય પોતે જ દ્રવ્ય થઈ જાય. માટે સર્વ અપેક્ષાએ એમ નથી.

**પ્રશ્ન :—** *અહીંયાં દ્રવ્ય એટલે ધ્રુવભાવ ને પર્યાયભાવ એમ બે ભાવ લઈએ તો?*

**સમાધાન :—** ધ્રુવ એકલું નથી, ધ્રુવને ઉત્પાદ્-વ્યયની અપેક્ષા છે. ઉત્પાદ્-વ્યય વગરનું ધ્રુવ નથી. એકલું ધ્રુવ હોઈ શકે જ નહિ, ઉત્પાદ્-વ્યયની અપેક્ષાવાળું ધ્રુવ છે. કોઈ અપેક્ષાએ અંશો જુદા છે પણ એકબીજાની અપેક્ષા રાખે છે.

**પ્રશ્ન :—** *પહેલાં નિરપેક્ષથી જાણવું જોઈએ અને પછી સાપેક્ષતા લગાડવી જોઈએ એટલે કે ધ્રુવ ધ્રુવથી છે, પર્યાય પર્યાયથી છે. ધ્રુવ પર્યાયથી નથી ને પર્યાય ધ્રુવથી નથી. એમ પહેલાં નિરપેક્ષતા સિદ્ધ કરીને પછી સાપેક્ષતા લગાડવી કે પર્યાય દ્રવ્યની છે. તો એમ સમજવામાં શું દોષ આવે?*

**સમાધાન :—** જે નિરપેક્ષપણું યથાર્થ સમજે તેને સાપેક્ષપણું યથાર્થ સાથે આવે છે. સમજવા માટે પહેલું–પછી આવે, પણ યથાર્થ પ્રગટે તેમાં બંને સાથે આવે છે. જે યથાર્થ નિરપેક્ષપણું સમજે તેની સાથે સાપેક્ષપણું હોય જ છે. એકલું નિરપેક્ષ પહેલાં સમજાવીને પછી સાપેક્ષ સમજાવે તે તો વ્યવહારની એક રીત છે. અનાદિકાળથી તેં સ્વરૂપ તરફ દૃષ્ટિ કરી નથી, માટે દ્રવ્યદૃષ્ટિ કર, પહેલાં નિરપેક્ષ દ્રવ્યને ઓળખ. નિરપેક્ષ દ્રવ્યને ઓળખવાની સાથે સાપેક્ષ શું છે તે તેમાં આવી જ જાય છે. એકલું નિરપેક્ષ આવે તો નિરપેક્ષ યથાર્થ નથી, સમજવામાં બંને સાથે છે, એકલું નિરપેક્ષ એકાંત થઈ જાય છે.

*　　*　　*

# જિનવાણી-પ્રકાશનના સ્થાયી પુરસ્કર્તૃત્વ લાભનું આયોજન

આ યોજનાના સમાચાર એપ્રિલ-૨૦૦૦ના અંકમાં પ્રકાશિત કર્યા હતા. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પ્રકાશિત થનારા શ્રી સમયસાર આદિ પરમાગમ, વચનામૃત-ગ્રંથ તથા અન્ય પ્રવચન ગ્રંથો વગેરેમાં દાતાનું નામ 'પ્રકાશન-પુરસ્કર્તા'ના રૂપમાં તે તે ગ્રંથમાં સ્થાયીરૂપે મુદ્રિત કરવામાં આવશે. જે શાસ્ત્રો માટે 'પ્રકાશન-પુરસ્કર્તા'ના રૂપમાં જે મહાનુભાવોના નામ નિશ્ચિત થયા છે તે નીચે પ્રમાણે છે.

| શાસ્ત્રનું નામ | રકમ | સ્થાયી પુરસ્કર્તા |
|---|---|---|
| (ગુજરાતી) | | |
| સમયસાર | ૩૭૫૦૦૦ | અનસૂયાબેન કે. શેઠ હ. વિજય શેઠ, મુંબઈ |
| પ્રવચનસાર | ૨૦૦૦૦૦ | પંડિતરત્ન શ્રી હિંમતલાલ જે. શાહ, સોનગઢ |
| પંચાસ્તિકાય | ૨૦૦૦૦૦ | ગિરધરલાલ ઠાકરશી મોદી-પરિવાર, મુંબઈ |
| નિયમસાર | ૨૦૦૦૦૦ | ડૉ. કાન્તીલાલ અમીચંદ કામદાર-પરિવાર, મદ્રાસ |
| ગુરુ. વચનામૃત | ૧૦૦૦૦૦ | જ્ઞાનેશ રસીકલાલ શાહ મે. ટ્રસ્ટ, સુરેન્દ્રનગર |
| બહેનશ્રી વચનામૃત | ૧૦૦૦૦૦ | જ્ઞાનેશ રસીકલાલ શાહ મે. ટ્રસ્ટ, સુરેન્દ્રનગર |
| બહેનશ્રીનો જ્ઞાનવૈભવ | ૧૦૦૦૦૦ | જ્યોતીબેન વી. શાહ, મુંબઈ |
| વચનામૃત પ્રવચન ભાગ-૧ | ૯૦૦૦૦ | અજિતભાઈ રવાણી-પરિવાર, અમેરિકા |
| વચનામૃત પ્રવચન ભાગ-૨ | ૯૦૦૦૦ | અજિતભાઈ રવાણી-પરિવાર, અમેરિકા |
| આત્મવૈભવ | ૮૭૦૦૦ | ઈન્દીરાબેન નીતીનભાઈ ભીમાણી, અમેરિકા |
| આત્મસિદ્ધિ શાસ્ત્ર પર પ્રવચન | ૧૦૦૦૦૦ | લલીતાબેન હંસરાજ શાહના સ્મરણાર્થે, લંડન |
| સમયસાર કલશટીકા | ૭૫૦૦૦ | ભીખાલાલ મગનલાલ શાહ-પરિવાર, દહેગામવાળા |
| વચનામૃત પ્રવચન ભાગ-૩ | ૧૦૦૦૦૦ | ગંગાબેન પ્રેમચકે કે. શાહ, નાયરોબી |
| વચનામૃત પ્રવચન ભાગ-૪ | ૧૦૦૦૦૦ | પ્રભુદાસ તારાચંદ કામદાર-પરિવાર, સોનગઢ |
| સમાધિતંત્ર | ૫૧૦૦૦ | જ્ઞાનેશ રસીકલાલ શાહ મે. ટ્રસ્ટ, સુરેન્દ્રનગર |
| પુરુષાર્થસિદ્ધ-ઉપાય | ૬૧૦૦૦ | જ્ઞાનેશ રસીકલાલ શાહ મે. ટ્રસ્ટ, સુરેન્દ્રનગર |
| દ્રવ્યસંગ્રહ | ૪૧૦૦૦ | બ્ર. વ્રજલાલ ગિરધરલાલ શાહ, વઢવાણ |
| સર્વ સામાન્ય પ્રતિક્રમણ | ૫૧૦૦૦ | કંચનબેન હેમતલાલ વોરા-પરિવાર, મુંબઈ |
| આલોચના | ૧૫૦૦૦ | સુધાબેન રમણીકલાલ શાહ, લંડન |
| મોક્ષમાર્ગપ્રકાશક | ૧૦૦૦૦૦ | લલીતાબેન હંસરાજ શાહના સ્મરણાર્થે, લંડન |
| પરમાત્મપ્રકાશ | ૧૫૧૦૦૦ | દુધીબેન જેઠાલાલ શાહના સ્મરણાર્થે, ખાર |

| | | |
|---|---|---|
| છઢાળા | ૫૧૦૦૦ | લતાબેન અનંતરાય શાહ, જલગાંવ |
| ઈષ્ટોપદેશ | ૩૫૦૦૦ | હીરાબેન નાથાલાલ શાહ-પરિવાર, અમેરિકા |
| બહેનશ્રીની સાધના-વાણી | ૫૧૦૦૦ | પ્રવીણાબેન મધુરભાઈ મહેતા, હોંગકોંગ |
| સમયસાર હરિગીત | ૨૧૦૦૦ | કનકબેન કીરીટભાઈ શાહ-પરિવાર, પાર્લા |
| નિયમસાર હરીગીત | ૧૫૦૦૦ | ચીમનલાલ છો. જોબાળીયા-પરિવાર, મુંબઈ |
| જૈન સિદ્ધાંત પ્રવેશીકા | ૨૧૦૦૦ | રમાબેન હસમુખભાઈ શાહ, યુ.એસ.એ. |
| દશલક્ષણ ધર્મ પ્રવચન | ૨૧૦૦૦ | હીરાબેન નાથાલાલ શાહ-પરિવાર અમેરિકા |
| જિનેન્દ્ર પૂજાસંગ્રહ | ૮૧૦૦૦ | શ્રી જૈન સ્વાધ્યાય મંદિર સોનગઢ, યુ.એસ.એ. |
| નંદીશ્વર ભજન-પૂજન | ૨૫૦૦૦ | ભોગીલાલ ચત્રભુજ દોશી-પરિવાર |
| મધુરા ઉપોદ્ઘાત | ૪૧૦૦૦ | શ્રી દામોદરદાસ હં. મોદી-પરિવાર, અમદાવાદ |
| મોક્ષશાસ્ત્ર | ૧૧૫૦૦૦ | શ્રી કુંદકુંદ-કહાન દિ. જૈન મુ. મંડળ ટ્રસ્ટ પાર્લા-સાંતાક્રુઝ |
| સ્વાધ્યાય સુધા | ૪૫૦૦૦ | બ્ર. કંચનબેન મગનલાલ ચુડગર, સોનગઢ |
| કાર્તિકેય-અનુપ્રેક્ષા | ૬૧૦૦૦ | બ્ર. ચંદુલાલ ખીમચંદ ઝોબાળિયા, સોનગઢ |
| **હિન્દી** | | |
| સમયસાર | ૨૫૦૦૦૦ | એક મુમુક્ષુ તરફથી |
| નિયમસાર | ૧૫૦૦૦૦ | જયાલક્ષ્મીબેન આનંદલાલભાઈ જસાણી, મુંબઈ |
| જૈન પ્રાયમર (અંગ્રેજી) | ૧૦૦૦૦ | હીરાબેન નાથાલાલ શાહ-પરિવાર અમેરિકા |

## સ્થાયી પુરસ્કર્તા બાકી શાસ્ત્રોનું લીસ્ટ

### ગુજરાતી

| | | | |
|---|---|---|---|
| સમયસાર નાટક | ૧૫૧૦૦૦ | પદ્મનંદી પંચ વિશતીકા | ૧૫૧૦૦૦ |
| આત્માનુશાસન | ૫૧૦૦૦ | પંચાધ્યાયી ભાગ-૧,૨ | ૧૫૧૦૦૦ |
| પદ્મપુરાણ | ૧૦૦૦૦૦ | છઢાળા પ્રવચન ૧ થી ૬ | ૧૦૦૦૦૦ |
| સમયસાર પ્રવચન ભાગ-૧,૨ | ૧૫૧૦૦૦ | પંચસ્તોત્રસંગ્રહ | ૨૫૦૦૦ |
| સમયસાર પ્રવચન ભાગ-૩ | ૧૦૦૦૦૦ | સ્તોત્રત્રયી | ૩૧૦૦૦ |
| સમયસાર પ્રવચન ભાગ-૪ | ૧૦૦૦૦૦ | હુ પરમાત્મા | ૫૫૦૦૦ |
| સમયસાર પ્રવચન ભાગ-૫ | ૧૦૦૦૦૦ | આત્મભાવના | ૫૫૦૦૦ |
| તત્વજ્ઞાનતરંગીણી | ૫૧૦૦૦ | ઈષ્ટોપદેશ પ્રવચન | ૬૧૦૦૦ |
| ચિદ્દવિલાસ | ૪૧૦૦૦ | અધ્યાત્મ-સંદેશ | ૪૫૦૦૦ |
| અનુભવ પ્રકાશ | ૩૧૦૦૦ | અભિનંદનગ્રંથ | ૧૦૦૦૦૦ |
| સત્તાસ્વરૂપ | ૨૫૦૦૦ | અનુભવપ્રકાશ પ્રવચન | ૭૧૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| અપૂર્વ અવસર પ્રવચન | ૨૫૦૦૦ | ગુરુસ્તુતિ આદિ સંગ્રહ | ૨૧૦૦૦ |
| શ્રાવકધર્મપ્રકાશક | ૪૧૦૦૦ | સમવસરણ સ્તુતિ | ૧૧૦૦૦ |
| વસ્તુવિજ્ઞાનસાર | ૨૫૦૦૦ | પૂજાપલ્લવ | ૧૧૦૦૦ |
| દશલક્ષણધર્મ | ૨૧૦૦૦ | જિનેન્દ્ર સ્તવનમાળા | ૩૧૦૦૦ |
| મુક્તિનો માર્ગ | ૨૧૦૦૦ | જિનેન્દ્ર ભજનમાળા | ૩૧૦૦૦ |
| યોગસાર પ્રાભૃત | ૮૧૦૦૦ | મહાવીર ભજનપૂજન | ૧૫૦૦૦ |
| જિનેન્દ્ર પ્રશ્નોત્તરમાળા ભાગ-૧,૨ | ૫૧૦૦૦ | વિધાન પૂજા | ૫૫૦૦૦ |
| મોક્ષમાર્ગ પ્રકાશકના કિરણો | ૮૫૦૦૦ | જિનેન્દ્ર સ્તવનાવલી | ૨૫૦૦૦ |
| ધન્યકુમાર ચરિત્ર | ૨૧૦૦૦ | જિનેન્દ્ર સ્તવન મંજરી | ૫૧૦૦૦ |
| જંબુસ્વામી | ૧૧૦૦૦ | યોગસાર દોહા | ૧૧૦૦૦ |
| પરિચયપુસ્તિકા | ૨૧૦૦૦ | બાળપોથી ભાગ-૧ | ૧૧૦૦૦ |
| શાસ્ત્રસ્વાધ્યાય | ૪૧૦૦૦ | બાળપોથી ભાગ-૨ | ૧૧૦૦૦ |
| અષ્ટપાહુડ હરીગીત | ૧૧૦૦૦ | મહારાણી ચેલણા | ૧૫૦૦૦ |
| પ્રવચનસાર હરીગીત | ૧૧૦૦૦ | ભગવાન પારસનાથ | ૨૧૦૦૦ |
| પંચાસ્તિકાય હરિગીત | ૧૧૦૦૦ | | |

## હિન્દી

| | | | |
|---|---|---|---|
| પ્રવચનસાર | ૧૫૦૦૦૦ | સમયસાર પ્રવચન ભાગ-૧ | ૧૦૦૦૦૦ |
| પંચાસ્તિકાય | ૧૫૦૦૦૦ | સમયસાર પ્રવચન ભાગ-૨ | ૧૦૦૦૦૦ |
| અષ્ટપાહુડ | ૧૫૧૦૦૦ | વચનામૃત પ્રવચન ભાગ-૧ | ૮૧૦૦૦ |
| ગુરુદેવશ્રી વચનામૃત | ૧૦૦૦૦૦ | વચનામૃત પ્રવચન ભાગ-૨ | ૮૧૦૦૦ |
| બહેનશ્રી વચનામૃત | ૧૦૦૦૦૦ | વચનામૃત પ્રવચન ભાગ-૩ | ૮૧૦૦૦ |
| બહેનશ્રીકા જ્ઞાનવૈભવ | ૧૦૦૦૦૦ | પરમાગમ પિયુષ | ૪૧૦૦૦ |
| છઢાળા | ૪૧૦૦૦ | રત્નત્રય વિધાન | ૨૧૦૦૦ |
| મોક્ષમાર્ગપ્રકાશક | ૮૧૦૦૦ | સિદ્ધપરમેષ્ટિ વિધાન | ૨૧૦૦૦ |
| પુરુષાર્થ સિદ્ધ ઉપાય | ૪૧૦૦૦ | સોડશકારણ પૂજા વિધાન | ૨૫૦૦૦ |
| ચિદવિલાસ | ૩૧૦૦૦ | પંચમેરુનંદીશ્વર પૂજા વિધાન | ૪૧૦૦૦ |
| આત્માવલોકન | ૩૧૦૦૦ | ચોસઠ ઋદ્ધિ પૂજા | ૧૮૦૦૦ |
| બાળપોથી ભાગ-૧ | ૧૧૦૦૦ | સિદ્ધચક્ર વિધાન | ૪૧૦૦૦ |
| બાળપોથી ભાગ-૨ | ૧૧૦૦૦ | દશલક્ષણધર્મ વિધાન પૂજા | ૧૮૦૦૦ |

## અંગ્રેજી

| | |
|---|---|
| A short reader to Jain Doctrin | 18000 |

[તા. ૧૦-૨-૨૦૦૪]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

**શ્રી સીમંધર-જિનમંદિર-અષ્ટાહ્નિક-મહોત્સવ :—** સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો ૬૪ મો વાર્ષિક અષ્ટાહ્નિક મહોત્સવ તા. ૧૫-૨-૨૦૦૪ રવિવારથી તા. ૨૨-૨-૨૦૦૪ (ફાગણ સુદ-૨) રવિવાર સુધી છે આ ઉત્સવ વીસ વિહરમાન જિન-મંડલવિધાન, જિનેન્દ્રભક્તિ તથા તત્ત્વજ્ઞાનની ઉપાસના આદિ વિભિન્ન કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

**શ્રી પંચમેરુ - નંદીશ્વર જિનાલય વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ :—** શ્રી પંચમેરુ - નંદીશ્વર જિનાલયનો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ ૩, સોમવાર તા. ૨૩-૨-૨૦૦૪ થી ફાગણ સુદ ૭, શુક્રવાર, તા. ૨૭-૨-૨૦૦૪ સુધી આનંદોલ્લાસ સાથે પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

**ફાલ્ગુની નંદીશ્વર-અષ્ટાહ્નિકા :—** સુર્ણપુરીના શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં તા. ૨૮-૨-૨૦૦૪, શનિવાર થી તા. ૬-૩-૨૦૦૪, શનિવાર સુધી ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા, શ્રી પંચમેરુ-નંદીશ્વર વિધાનપૂજા ઇત્યાદિ કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

**પરમાગમમંદિર-પ્રતિષ્ઠાતિથિ :—** ફાગણ સુદ ૧૩, ગુરૂવાર, તા. ૪-૩-૦૪ના રોજ શ્રી મહાવીર-કુંદકુંદ દિ. જૈન પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

★ ગુજરાત પ્રાંતના સૌરાષ્ટ્ર પ્રદેશની પ્રસિદ્ધ નગરી (પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેનની સમ્યક્ત્વ-સાધનાભૂમિ) વાંકાનેર શહેરમાં પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પુનીત પ્રભાવનોદયથી 'શ્રી સીમંધરસ્વામી-સમવસરણ'ની મંગલ પ્રતિષ્ઠા નિમિત્તે 'શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક પ્રતિષ્ઠા'નો મંગલ મહોત્સવ આગામી વૈશાખ સુદ ૩, ગુરૂવાર, તા. ૨૨-૪-૨૦૦૪થી વૈશાખ સુદ ૭, (બીજી) મંગળવાર, તા. ૨૭-૪-૨૦૦૪ સુધી છ દિવસનો રાખવામાં આવ્યો છે.

★ અધ્યાત્મમાર્ગદિવાકર સ્વાત્માનુભૂતિવિભૂષિત પૂજ્ય સદ્દગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૧૫મો મંગલ જન્મમહોત્સવ તા. ૧૭-૪-૨૦૦૪, શનિવારથી તા. ૨૧-૪-૨૦૦૪, બુધવાર—પાંચ દિવસ સુધી જામનગરનિવાસી શ્રી છગનલાલ કાળિદાસ વાધર-પરિવાર તરફથી ઊજવવામાં આવશે. તેની નિમંત્રણ-પત્રિકાની લેખન વિધિ તા. ૧૨-૩-૨૦૦૪, શુક્રવારના દિવસે રાખવામાં આવી છે.

## પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના અંતેવાસી બ્રાલબ્રહ્મચારિણી શ્રી કંચનબેન ચુડગરનો સ્વર્ગવાસ

ભક્તિ, સમર્પિતતા, નમ્રતા, સરળતા, તત્ત્વરસ, વૈરાગ્યપ્રેમ આદિ અનેક સદ્‌ગુણોથી વિભૂષિત આત્માર્થી બ્ર૦ કંચનબેન પૂજ્ય બહેનશ્રીનાં ભાણેજી થાય. તેમનો સ્વર્ગવાસ અત્યંત શાંત પરિણામપૂર્વક, પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય બહેનશ્રીના ધર્મોપકાર પ્રત્યે ભક્તિભીના અહોભાવની, ભવના અભાવની તથા સમ્યક્ત્વ પામવાની ભાવના સાથે તા. ૧૦-૧-૨૦૦૪ (પોષ વદ ત્રીજ)ના રોજ બે દિવસની ટૂંકી બિમારીથી થયેલ છે. તેમનો જન્મ વઢવાણમાં તથા બાળપણ અને અભ્યાસ વગેરે કરાંચીમાં થયેલ. પૂજ્ય બહેનશ્રીનું બાળપણ અને અભ્યાસ પણ કરાંચીમાં થયેલ. બ્ર૦ કંચનબેનને નાનપણથી પૂજ્ય બહેનશ્રીના વૈરાગ્ય અને ધર્મપ્રેમ પ્રત્યે આકર્ષણ હતું. પૂજ્ય ગુરુદેવશ્રીની અમૃતવાણીનો લાભ લેવા તથા પોતાની સાધનાને વિશેષ દૃઢ કરવા માટે પૂજ્ય બહેનશ્રીએ સોનગઢમાં સ્થાયી વાસ કર્યો; ત્યારથી કંચનબેન તેમનાં માતાપિતા સાથે અવારનવાર ધર્મલાભ લેવા સોનગઢ આવતાં અને વધુ રહેતાં. વિ. સં. ૧૯૯૮થી કંચનબેન પૂજ્ય બહેનશ્રી પાસે સ્થાયી થયા. પૂજ્ય બહેનશ્રીના વૈરાગ્યમય પવિત્ર જીવનથી પ્રભાવિત થઈને પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય બહેનશ્રીના સત્સંગ તથા ધાર્મિક તત્ત્વાભ્યાસ માટે નિવૃત્તિમય જીવન અર્થે સર્વપ્રથમ કંચનબેન સહિત છ કુમારિકા બહેનોએ વિ. સં. ૨૦૦૫માં પૂજ્ય ગુરુદેવ પાસે આજીવન બ્રહ્મચર્ય-પાલનની પ્રતિજ્ઞા લીધી હતી. પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો, પૂજ્ય બહેનશ્રી પાસે થતી તત્ત્વચર્ચા, સ્વયં શાસ્ત્રવાંચન વગેરે દ્વારા પોતાની ધર્મરુચિને દૃઢાવવાની સાથે પૂજ્ય બહેનશ્રીની, આહાર વગેરે અનેકવિધ કાર્યો દ્વારા, સેવાભક્તિમાં બ્ર૦ કંચનબેને પોતાનું જીવન વ્યતીત કર્યું છે. તેમણે પોતાનું આખું જીવન પૂજ્ય બહેનશ્રીની સેવાભક્તિમાં સમર્પિત કર્યું હતું. બહેનશ્રીના ઘરે પૂજ્ય ગુરુદેવને આહારદાન વગેરે ગુરુભક્તિનાં અનેકવિધ કાર્યોમાં ઘણા ઉલ્લાસપૂર્વક લાભ લેતા હતા. પૂજ્ય ગુરુદેવ સાથેની યાત્રાઓ, વિહારો, પંચકલ્યાણકપ્રતિષ્ઠાઓ, વેદીપ્રતિષ્ઠાઓ, ગુરુજન્મજયંતીઓ વગેરે અનેક ભક્તિપ્રસંગોએ પહોંચી વળવામાં પૂજ્ય બહેનશ્રીને ખૂબ ઉલ્લાસ તેમ જ ભક્તિપૂર્વક સેવા આપતા હતાં. તેમનો ભક્તિભાવ તથા આત્માર્થિતાના કારણે કૃપામૂર્તિ પૂજ્ય બહેનશ્રીનો તેમના ઉપર કૃપાનો ધોધ ખૂબ જ વરસતો હતો. સેવાભક્તિનાં કાર્યોની સાથે સાથે તેમને તત્ત્વનો રંગ, અભ્યાસ વગેરે પણ સારા હતા. તે અવારનવાર પૂજ્ય બહેનશ્રીને પ્રાર્થના કરતા કે—'માસીબા ! આપની કૃપાથી જીવનમાં ઘણા ધાર્મિક લાભ મળ્યા છે; પણ

હવે મને સમ્યગ્દર્શન શીઘ્ર થાય તે માટે તેની માત્ર એક લીટી કરી દો. તે લીટીના સહારે આગળ વધીને હું સમકીત પ્રાપ્ત કરી લઈશ.' પૂજ્ય બહેનશ્રીની અનુપસ્થિતિ થયા પછી, પૂજ્ય બહેનશ્રીના ઘરે સવારે બહેનશ્રીની સ્વાનુભવરસભરી તત્ત્વચર્ચા તથા ભક્તિની ટેપ સંભળાવવાનો, નવા મહેમાનોને પૂજ્ય બહેનશ્રીની લઘુ વયથી કરેલી સાધના વિષેના પ્રસંગોની વાત ખૂબ મહિમાપૂર્વક કહેવાનો, બહેનશ્રીની લઘુ વયની ગૂંથણ વગેરે વસ્તુઓ બતાવવાનો તથા બીજા અનેકવિધ બહેનશ્રીના મહિમાનો પરિચય આપવો વગેરે ભક્તિકાર્યો પણ ખૂબ ઉલ્લાસપૂર્વક સંભાળતાં હતાં. હાલમાં આપણને તથા ભાવી પેઢીઓને પૂજ્ય બહેનશ્રીની જે અનુભવરસથી ભરપૂર અમૃતવાણી ટેપ દ્વારા સાંભળવાનો લાભ મળે છે તેમ જ મળતો રહેશે તે પણ ખરેખર બ્ર૦ કંચનબેનને આભારી છે. તેમણે નિજ કલ્યાણ અર્થે ખૂબ જ કાળજીપૂર્વક તે અમૃતવાણી ટેપમાં સંગ્રહી છે. તે ખરેખર મુમુક્ષુસમાજ ઉપર તેમનું બહુ કીમતી ૠણ છે. બધાં બ્ર૦ બહેનો પ્રત્યે ધર્મવાત્સલ્યને કારણે તેમણે તેમના તરફથી આદરભાવ પ્રાપ્ત કર્યો હતો. અન્ય બ્ર૦ બહેનોને કાંઈ પણ વ્યવહારુ મુશ્કેલી હોય તો તેમને સાચું માર્ગદર્શન આપતાં, તેથી બ્ર૦ બહેનોને તેમના પ્રત્યે સારું માન હતું. તેમના ચિરવિયોગથી બ્ર૦ બહેનોને, મુમુક્ષુ મહિલાસમાજને, સંસ્થાને તથા સોનગઢના મુમુક્ષુવાતાવરણને મોટી ખોટ પડી છે. તેમનો સ્વર્ગસ્થ આત્મા પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીના પવિત્ર સત્સમાગમ તથા પોતાની ધર્મરુચિના પ્રતાપે શીઘ્ર સમ્યગ્દર્શન અને આત્માનુભૂતિ પામી શાશ્વત સુખપદ—મોક્ષને પામો—એ જ તેમના પ્રતિ પ્રશસ્ત ભાવના.

## વૈરાગ્ય સમાચાર :—

જામનગરનિવાસી શ્રીમતી મંજુલાબેન પ્રવિણચંદ્ર ભણશાલી તા. ૬-૧-૦૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં સોનગઢમાં ઘણો સમય સ્થાયી રહીને તત્ત્વનો ઘણો લાભ લીધો હતો.

ભાવનગરનિવાસી શ્રીમતી વીરબાળાબેન કાંતિલાલ ભાયાણી (વર્ષ-૬૭) તા. ૬-૨-૦૪ના રોજ ટૂંકી બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે. તેમને તત્ત્વની ઘણી રુચિ હતી, તેઓ નિયમિત સી.ડી. પ્રવચન, જિનમંદિરે દર્શન-પૂજન તથા સ્વાધ્યાય-ભક્તિ કરતા હતા. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં સોનગઢમાં ઘણો સમય સ્થાયી રહીને તત્ત્વનો ઘણો લાભ લીધો હતો.

*

સુવર્ણપુરીમાં સમ્યક્ત્વ-મહિમાનો સ્વર્ણિમ અવસર

સુરેન્દ્રનગરનિવાસી માતુશ્રી સ્વ. કાન્તાબેન હિંમતલાલ ડેલીવાળા-પરિવાર દ્વારા

**સમ્યક્ત્વતીર્થ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૨મો**

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

સમ્યક્ત્વતીર્થપ્રભાવક પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનાં પરમ ભક્ત સમ્યક્ત્વતીર્થ સ્વાનુભવવિભૂષિત પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૨મો વાર્ષિક 'સમ્યક્ત્વજયંતી'નો મંગલ મહોત્સવ (ફાગણ વદ-૧૦) અધ્યાત્મ-અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં અત્યાનંદોલ્લાસપૂર્વક ઊજવવાનું નિશ્ચિત થયું છે તદ્નુસાર સોનગઢ (સુવર્ણપુરી) તીર્થધામમાં તા. ૧૨-૩-૨૦૦૪, શુક્રવારથી તા. ૧૬-૩-૨૦૦૪, મંગળવાર (ફાગણ વદ-૧૦) સુધી 'સમ્યક્ત્વજયંતી-મહોત્સવ' શ્રી 'ચોસઠ-ઋદ્ધિમંડલવિધાનપૂજા', પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના સમ્યક્ત્વમહિમા ભરપૂર અધ્યાત્મ ટેપપ્રવચન, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો-ધર્મચર્ચા વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સાથે અત્યંત હર્ષોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે. સમ્યક્ત્વપ્રેમી સર્વે મુમુક્ષુઓને આ સમ્યક્ત્વમહિમાવર્ધક અનુપમ અવસરનો લાભ લેવા માટે સમ્યક્ત્વમહિમામહોત્સવના આયોજક સુરેન્દ્રનગરનિવાસી માતુશ્રી સ્વ. કાન્તાબેન હિંમતલાલ ડેલીવાળા પરિવાર, હસ્તે શ્રીમતી વર્ષાબેન નિરંજનભાઈ ડેલીવાળા તરફથી હાર્દિક નિમંત્રણ છે.

*નિવેદક :*

*શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,*

*સોનગઢ*

❀

# ❀ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર ❀

❀ સમયસાર ગાથા પાંચમા આચાર્યદેવ કહે છે કે ગુરુના અનુગ્રહથી–કૃપાથી મને અંદરમાં આનંદનું જે પ્રચુર સ્વસંવેદન પ્રગટ થયું છે એ મારા નિજવૈભવથી એકત્વ–વિભક્ત આત્માને દેખાડું છું તેને તારા અનુભવથી પ્રમાણ કરજે. તારા ભગવાનમાં અનંતી કેવળજ્ઞાનની પર્યાયો પ્રગટ થાય એવી શક્તિ ભરી છે તેને યાદ કર ને અનુભવથી પ્રમાણ કર. પંચમકાળ છે ને આવો અનુભવ ન થાય એમ ના પાડીશ નહિ. પ્રભુ ! તું રાગાદિ બધું ભૂલી જા ! ને તારા ભગવાનને ભૂલી ગયો છો તેને યાદ કર. ભાઈ ! તું અમારી પાસે સાંભળવા આવ્યો છો ને તને અમારું બહુમાન ને ભક્તિનો રાગ છે એનાથી પણ તારો ભગવાન ભિન્ન છે તેને યાદ કર ને અનુભવથી પ્રમાણ કર. ભગવાન કેવળીનો અત્યારે વિરહ છે, કેવળજ્ઞાનનો વિરહ છે એને તું ભૂલી જા ને અનંતી કેવળજ્ઞાન-પર્યાયની શક્તિ જેમાં ભરી છે એવા તારા ભગવાનને યાદ કર ને અનુભવથી પ્રમાણ કર. ૨૯૯.

❀ જેને દ્રવ્યદૃષ્ટિ યથાર્થ પ્રગટ થઈ છે તેને દૃષ્ટિના જોરમાં એકલો જ્ઞાયક ભાસે છે, શરીરાદિ કાંઈ ભાસતું જ નથી. ભેદજ્ઞાનની પરિણતિ એવી દૃઢ થઈ જાય છે કે સ્વપ્નમાં પણ આત્મા શરીરથી ભિન્ન ભાસે છે. દિવસે તો ભિન્ન ભાસે છે પણ રાત્રિમાં ઊંઘમાં પણ આત્મા નિરાળો જ ભાસે છે. સમ્યગ્દૃષ્ટિને ભૂમિકા અનુસાર બાહ્ય વર્તન હોય છે. પરંતુ બાહ્ય વર્તનમાં પણ કોઈ પણ સંયોગોમાં એની જ્ઞાનવૈરાગ્ય- શક્તિ કોઈ જુદા જ પ્રકારની રહે છે. બાહ્યથી ગમે તે પ્રસંગમાં સંયોગમાં જોડાયેલો દેખાય તોપણ જ્ઞાયક તો જ્ઞાયકપણે જ ભાસે છે. વિભાવથી ભિન્ન જ્ઞાયકપણે નિઃશંક ભાસે છે. આખું બ્રહ્માંડ ફરી જાય તોપણ સ્વરૂપ-અનુભવમાં નિઃશંક વર્તે છે. જ્ઞાયક ઉપર ચડીને ઊર્ધ્વરૂપે બિરાજે છે, બીજા બધા નીચે રહે છે. ગમે તેવા શુભભાવો આવે, તીર્થંકરગોત્રનો શુભભાવ આવે તોપણ તે નીચે જ રહે છે. દ્રવ્યદૃષ્ટિવંતને આવું અદ્‌ભુત જોર વર્તે છે. ૩૦૦.

❀ નિશ્ચયદૃષ્ટિથી દરેક જીવ પરમાત્મસ્વરૂપ જ છે, જિનવર ને જીવમાં ફેર નથી. ભલે તે એકેન્દ્રિયનો જીવ હોય કે સ્વર્ગનો જીવ હોય, એ બધું તો પર્યાયમાં છે, વસ્તુ સ્વરૂપે તો પરમાત્મા જ છે. પર્યાય ઉપરથી જેની દૃષ્ટિ ખસીને સ્વરૂપ ઉપર દૃષ્ટિ થઈ છે એ તો પોતાને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે ને દરેક જીવને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે. સમ્યગ્દૃષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. અહા ! કેટલી વિશાળ દૃષ્ટિ ! અરે, આ વાત બેસે તો કલ્યાણ થઈ જાય, પણ આવી કબૂલાતને રોકનારા મિથ્યા-માન્યતારૂપી ગઢના પાર ન મળે ! અહીં તો કહે છે કે ૧૨ અંગનો સાર એ છે કે જિનવર સમાન આત્માને દૃષ્ટિમાં લેવો, કેમ કે આત્માનું સ્વરૂપ પરમાત્મસ્વરૂપ જ છે. ૩૦૧.

પં. બનારસીદાસજી કહે છે—હે ભાઈ ભવ્ય ! મારો ઉપદેશ સાંભળો કે કોઈ પણ ઉપાયથી અને કોઈ પણ પ્રકારનો બનીને એવું કામ કર જેથી માત્ર અંતર્મુહૂર્તને માટે મિથ્યાત્વનો ઉદય ન રહે, જ્ઞાનનો અંશ જાગ્રત થાય, આત્મસ્વરૂપની ઓળખાણ થાય. જિંદગીભર તેનો જ વિચાર, તેનું જ ધ્યાન, તેની જ લીલામાં પરમ રસનું પાન કરો અને રાગ-દ્વેષમય સંસારનું પરિભ્રમણ છોડીને તથા મોહનો નાશ કરીને સિદ્ધપદ પ્રાપ્ત કરો.

*—શ્રી બનારસીદાસ, નાટક સમયસાર, જીવદ્વાર, પદ-૪*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 `Licensed to
Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]

Email : C/o vshahco@yahoo.com
Fax : (02846) 44334